જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૫/૨૦૧૫ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૫૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૧ લીટર દેશી દારૂ, ૧૧૭ બોટલ ઇગ્લીશદારૂ, ૪૨ ક્વૉટર ઇગ્લીશ દારૂ અને ૭૨ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૫૩૫/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૨/૧૫**

**ખોખરા :** સુરેશભાઇ અનિરૂધ્ધભાઇ પંડિત (રહે,વિજ્યપાર્ક સોસાયટી, હરીપુરા ખોખરા) એ તા.૨૪/૫/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૫/૧૫ સવારનાં ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી પોતાના પુત્ર મયુર (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**વેજલપુર :** દિનેશભાઇ રામજીભાઇ રાઠોડ (રહે,સુરજકરાડી, ઉદ્યોગનગર, વાછળા દાદાના મંદિરની બાજુમાં, મીઠાપુર, જી.દ્વારકા) એ તા.૨૪/૫/૧૫ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૫/૧૫ નાં કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી ભાવેશ હિંમતભાઇ ચૌહાણનાનો, દિનેશભાઇની પુત્રી શીતલબહેન (ઉ.વ.૧૬) ને જીવરાજપાર્ક, ડી-માર્ટની બાજુમાં, ભગવતીનગરથી લલચાવી ફોસલાવી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એન.સોલંકી ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૦૫૩/૧૫**

**સાબરમતી :** સાબરમતી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરૂણીની માતાએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૫/૧૫ નાં છ મહિના અગાઉથી અવાર-નવાર આરોપી દુર્ગેશ ઉર્ફે રાહુલ બાબુભાઇ પુરોહિત (રહે.ચંદ્રભાગાની ચાલી, મ્યુ.સ્કુલ નં.૫-૬ ની બાજુમાં, સાબરમતી) એ તરૂણીને લગ્ન કરવાની લાલચ આપી, રસોડા કામ અર્થે પોતાના ઘરે બોલાવી, તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો, જે તરૂણીને હાલ બે માસનો ગર્ભ છે. આ ગુનાની તપાસ પો.ઈશ્રી એ.જે.ગોંડલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણ :-** **સમાચાર યાદી નં.૧૦૫૪/૧૫**

**સરદારનગર :** સંજોતાબહેન કપલેશભાઇ બુધરેકર (ઉ.વ.૩૭)(રહે,માચીસગલી, કુબેરનગર, સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) સુશીલ પરમાનંદ ઇન્દ્રેકર (૨) સાજન ઉર્ફે અવી સોનીયાભાઇ અભવેકર (છારા) નાઓ ભેગામળી તા.૧૩/૫/૧૫ નારોજ સંજોતાબહેન તથા કપલેશભાઇ સાથે ઝઘડો કરી, કપલેશભાઇને સતત માનશીક ત્રાસ આપી, મરવા સારૂ દુષ્પ્રેરણ કરતાં, તા.૨૩/૫/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે કપલેશભાઇએ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.કે.પટેલ ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૫/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** પ્રવિણચંદ્ર મણીલાલ મોઢ (રહે.અંકુર સોસાયટી, પ્રિયા સિનેમા સામે, નરોડા) એ તા.૨૪/૫/૧૫ નારોજ ક્રાઇમબ્રાંચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ નાં કલાક ૧૦/૫૫ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) મોબાઇલ નંબર +૯૧૭૦૫૦૦૦૯૮૨૦ નો ધારક (૨)એચ.ડી.એફ.સી.બેંકના ખાતા નંબર ૦૭૬૦૧૫૩૦૦૦૭૦૯૭ નો ધારક (૩) એસ.બી.આઇ.બેંકનાં ખાતા નંબર ૩૨૫૬૪૭૬૭૬૩૮ નો ધારકે "આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાંથી બોલુ છું" તેમ કહી પ્રવિણચંદ્રને વિશ્વાસમાં લઇ તેમની એ.ટી.એમ.કાર્ડની વિગતો મેળવી, પ્રવિણચંદ્રનાં બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩,૪૮,૦૨૨/- રૂપિયા ઉપાડી લઇ, પ્રવિણચંદ્ર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એ.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૬/૧૫**

**ઘાટલોડીયા** : જમનાબહેન પ્રકાશભાઇ શર્મા (ઉ.વ.૩૨)(રહે.ધરતી ફ્લેટ, ત્રાગડ ગામ રોડ, ચાંદખેડા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૫/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ઘાટલોડીયા, કાલુપુર બેંક સામે આવેલ સર્વોદય વિભાગ-૧ સામેથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષ જમનાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૫,૦૦૦/-ખેંચી તોડી લઈ નાસી ગયા હતા.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એન.વિરાણી ચલાવે છે

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૭/૧૫**

**એલીસબ્રીજ :** અહેમદભાઇ કમાલભાઇ સિંધી (ઉ.વ.૫૦)(રહે,સેરફોન ફ્લેટ, કાગદીવાડ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૨/૫/૧૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે કોઇ દવા પી જતાં, શરીરે અસર થતાં, સારવાર અર્થે તેમને વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૪/૫/૧૫ બપોરનાં ૧/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરીશભાઇ બદાભાઇ ચલાવે છે.

**ચાંદખેડા :** ઉષાબહેન રાધેશ્યામ રાઠોડ (ઉ.વ.૫૪)(રહે,કર્ણાવતી ડુપ્લેક્ષ, શારદા પેટ્રોલપંપ સામે, ચાંદખેડા) એ પોતાની માનશીક બીમારીથી કંટાળી જઇ તા.૨૪/૫/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)